# સુરત શહેરના ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ

ડૉ. મેહાલી આર.દેસાઈ
આસી. પ્રોફેસર
સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કૉલેજ, અંકલેશ્વર

## ૧. પ્રસ્તાવના

સમગ્ર વ જગતમાં માણસ એક બુધ્ધિશાળી પ્રાણી છે. તે બધાજ કાર્યો પોતાની સૂઝબૂઝથી તેમજ સમજદારીથી કરે છે. જે તેને સ્વનિર્ભર બનાવે છે. મનુષ્ય વનમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવે છે. આ પરિસ્થિતિઓમાં તેને અનેક પ્રકારના સંકટોનો સામનો કરવો પડે છે. પરંતુ આ પરિસ્થિતિઓ કયારેક મનુષ્યને તેના કાર્યોમાં સળતા પ્રાપ્ત કરવામાં અડચણરૂપ બને છે. અને જયારે મનુષ્ય આ અડચણને દૂર કરવામાં નિષ્ળ જાય છે. ત્યારે તેના મન–મસ્તિષ્કમાં તે કાર્યો પ્રતિ ઉદાસીનતાની ભાવના ઉત્પન્ન થાય છે. જેને હતાશા કહેવામાં આવે છે. હતાશા વ્યકિતને માનસિક સ્વાસ્થ્ય જાળવી રાખવામાં તેમજ તેના સંતુલિત વ્યકિતત્વના વિકાસમાં અનેક મુશ્કેલીઓ ઉત્પન્ન કરે છે. આધુનિક જમાનામાં મોટાભાગના વિદ્યાર્થીઓ તણાવ, ચિંતા તેમજ વિપરીત પરિસ્થિતિઓથી ઘેરાયેલા હોય છે. જેના કારણે તેમનામાં હતાશાનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે.

## ૨.શીર્ષક અને સમસ્યાકથન

### *૨.૧ શીર્ષક*

સુરત શહેરના ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ

### *૨.૨ સમસ્યા કથન*

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસક દ્વારા સુરત શહેરના ધોરણ–૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ કરવામાં આવશે. તેમાં જાતિ, વિસ્તાર, વાલીનો વ્યવસાય, શાળાનો પ્રકાર જેવા ચલોના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## ૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત શોધ નિબંધનો મુખ્ય હેતુ સુરત શહેરના ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં હતાશાનો અભ્યાસ કરવાનો હોવાથી આ અભ્યાસના હેતુઓ નીચે પ્રમાણે હતા.

૧. સુરત શહેરના ધોરણ–૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હતાશાના માપન માટેના "વિદ્યાર્થી હતાશા માપદંડ" ની રચના કરવી તથા પ્રમાણિત કરવી.
૨. સુરત શહેરના ધોરણ–૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં હતાશાનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૩. સુરત શહેરના ધોરણ–૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં હતાશાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.
૪. સુરત શહેરના ધોરણ ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં હતાશાનો વાલીના વ્યવસાયના સંદર્ભમાં અભ્યાસ કરવો
૫. સુરત શહેરના ધોરણ ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં હતાશાનો શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૪. અભ્યાસની ઉત્કલ્પનાઓ

$Ho_1$ વિદ્યાર્થી હતાશા માપદંડ પર વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીઓની હતાશાના કુલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$Ho_2$ વિદ્યાર્થી હતાશા માપદંડ પર શહેરી શાળાના વિદ્યાર્થીઓ તેમજ ગ્રામ્ય શાળાના વિદ્યાર્થીઓની હતાશાના કુલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$Ho_3$ વિદ્યાર્થી હતાશા માપદંડ પર અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓ તેમજ ખાનગી શાળાના વિદ્યાર્થીઓની હતાશાના કુલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિં હોય.

## ૫. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત શોધનિબંધમાં નીચેપ્રમાણેના ચલ લેવામાં આવ્યા હતા.

| ક્રમ | ચલનોપ્રકાર | ચલ | કક્ષા |
|---|---|---|---|
| ૧ | પરતંત્ર ચલ | ૧. હતાશા | |
| ૨ | સ્વતંત્ર ચલ | ૧. જાતીયતા | ૧. વિદ્યાર્થી |
| | | | ૨. વિદ્યાર્થીનીઓ |
| ૩. | સ્વતંત્ર ચલ | ૨. વિસ્તાર | ૧. ગ્રામ્ય |
| | | | ૨. શહેરી |
| ૪. | સ્વતંત્ર ચલ | ૩. શાળાનો પ્રકાર | ૧. અનુદાનિત |
| | | | ૨. ખાનગી |
| ૫. | સ્વતંત્ર ચલ | ૪.વાલીનો વ્યવસાય | ૧. નોકરીયાત |
| | | | ૨. વ્યવસાયી |

## ૬. અભ્યાસની ઉપ્કલ્પનાઓની ચકાસણી

### *૬.૧ જાતિના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ*

પ્રસ્તુત સંશોધનનાં સંદર્ભે વિદ્યાર્થી હતાશા માપદંડ દ્વારા સુરત શહેરની ૮ પ્રાથમિક શાળાના કુલ ૩00 વિદ્યાર્થીઓનો નમૂનો લેવામાં આવ્યો હતો. જે પૈકી કુમારોની સંખ્યા ૧૪૬ હતી તથા કન્યાઓની સંખ્યા ૧૫૩ હતી. કુમાર તથા કન્યાના હતાશાના સ્વ–ખ્યાલનો અભ્યાસ કરવા માટે સરાસરી, પ્રમાણિત વિચલન તથા t- મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી જે સારણી નં. ૧ માં દર્શાવેલ છે.

**સારણી ૧: હતાશાના માપદંડના સંદર્ભમાં વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓની કુલ નમૂનાની સરાસરી તથા પ્રમાણિત વિચલન**

| પરિમાણ | કુમાર N= ૧૪૬ | | કન્યા N= ૧૫૩ | | પ્રમાણભૂલ | t- મૂલ્ય |
|---|---|---|---|---|---|---|
| | સરાસરી | પ્રમાણિત વિચલન | સરાસરી | પ્રમાણિત વિચલન | | |
| કુલ પ્રાપ્તાંકો | ૧૧૨.૫૪૪ | ૯.૮૬૯ | ૧૧૨.૨૬૧ | ૮.૭૬૫ | ૧.૦૭૯ | ૦.૨૬૨ |

ઉપર દર્શાવેલ સારણી નંબર ૧ પરથી સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થી હતાશા માપદંડ પર પ્રાપ્ત થયેલ કુમારની સરાસરી ૧૧૨.૫૪૪ છે. તથા પ્રમાણિત વિચલન ૯.૮૬૯ છે. વિદ્યાર્થી હતાશા માપદંડ પર પ્રાપ્ત થયેલ કન્યાની સરાસરી ૧૧૨.૨૬૧ તથા પ્રમાણિત વિચલન ૮.૭૬૫ છે. જેનું t- મૂલ્ય ૦.૨૬૨ પ્રાપ્ત થયેલ છે. જે ૧.૯૬ કરતા ઓછું છે. એટલે કે ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી. આથી, ઉત્કલ્પના નં. $Ho_1$ નો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

### *૬.૨ વિસ્તારના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ*

પ્રસ્તુત સંશોધનનાં સંદર્ભે વિદ્યાર્થી હતાશા માપદંડ દ્વારા સુરત શહેરની ૮ પ્રાથમિક શાળાના કુલ ૩00 વિદ્યાર્થીઓનો નમૂનો લેવામાં આવ્યો હતો. જે પૈકી ગ્રામ્ય વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૭ હતી. તથા શહેરી વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૪૩ હતી. ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓની હતાશાના સ્વ–ખ્યાલનો અભ્યાસ કરવા માટે સરાસરી, પ્રમાણિત વિચલન તથા t- મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી જે સારણી નં. ૨માં દર્શાવેલ છે.

સારણી નં.૨: હતાશા માપદંડના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની શાળાના વિદ્યાર્થી તથા શહેરી વિસ્તારની શાળાના વિદ્યાર્થીના કુલ નમૂનાની સરાસરી તથા પ્રમાણિત વિચલન

| પરિમાણ | ગ્રામ્ય વિસ્તારની શાળા દ્યાર્થીઓ N= ૧૫૭ | | શહેરી વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓ N ૧૪૩ | | પ્રમાણભૂલ | t- મૂલ્ય |
|---|---|---|---|---|---|---|
| | સરાસરી | પ્રમાણિત વિચલન | સરાસરી | પ્રમાણિત વિચલન | | |
| કુલ પ્રાપ્તાંકો | ૧૧૪.૧૨૭ | ૮.૪૨૨ | ૧૧૦.૫૦૪ | ૯.૮૭૮ | ૧.૦૬૫ | ૩.૪૦૩૭ |

૦.૦૫ કક્ષાએ સાર્થક

ઉપર દર્શાવેલ સારણી નં. ૨ પરથી સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થી હતાશા માપદંડ પર પ્રાપ્ત થયેલ ગ્રામ્ય વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓની સરાસરી ૧૧૪.૧૨૭ છે તથા પ્રમાણિત વિચલન ૮.૪૨૨ છે. વિદ્યાર્થી હતાશા માપદંડ પર પ્રાપ્ત થયેલ શહેરી વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓની સરાસરી ૧૧૦.૫૦૪ તથા પ્રમાણિત વિચલન ૯.૮૭૮ છે. જેનું t- મૂલ્ય ૩.૪૦૩ પ્રાપ્ત થયેલ છે જે ૧.૯૬ કરતા વધુ છે. એટલે કે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. આથી ઉત્કલ્પના નં. $Ho_2$ નો અસ્વિકાર કરવામાં આવ્યો હતો.

*૬.૩ શાળાના પ્રકારના સંદર્ભમાં હતાશાનો અભ્યાસ*

પ્રસ્તુત સંશોધનના સંદર્ભે વિદ્યાર્થી હતાશા માપદંડ દ્વારા સુરત શહેરની ૮ પ્રાથમિક શાળાના કુલ ૩૦૦ વિદ્યાર્થીઓનો નમૂનો લેવામાં આવ્યો હતો. જે પૈકી અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૪૭ હતી તથા ખાનગી શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૩ હતી. અનુદાનિત તથા ખાનગી શાળાના વિદ્યાર્થીની હતાશાના સ્વ–ખ્યાલનો અભ્યાસ કરવા માટે સરાસરી, પ્રમાણિત વિચલન તથા t- મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. જે સારણી નં.૩માં દર્શાવેલ છે.

સારણી નં. ૩ હતાશા માપદંડના સંદર્ભમાં અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓ તથા ખાનગી શાળાના વિદ્યાર્થીઓના કુલ નમૂનાની સરાસરી તથા પ્રમાણિત વિચલન

| પરિમાણ | અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓ N= ૧૪૭ | | ખાનગી શાળાના વિદ્યાર્થીઓ N= ૧૫૩ | | પ્રમાણભૂલ | t- મૂલ્ય |
|---|---|---|---|---|---|---|
| | સરાસરી | પ્રમાણિત વિચલન | સરાસરી | પ્રમાણિત વિચલન | | |
| કુલ પ્રાપ્તાંકો | ૧૧૦.૯૫૨ | ૮.૩૦૫ | ૧૧૩.૭૯૧ | ૧૦.૦૧૦ | ૧.૦૬૦ | ૨.૬૭૭૭ |

૦.૦૫ કક્ષાએ સાર્થક

ઉપર દર્શાવેલ સારણી નં. ૩ પરથી સ્પષ્ટ થાય છે કે વિદ્યાર્થી હતાશા માપદંડ પર પ્રાપ્ત થયેલ અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓની સરાસરી ૧૧૦.૯૫૨ છે તથા પ્રમાણિત વિચલન ૮.૩૦૫ છે. વિદ્યાર્થી હતાશા માપદંડ

પર પ્રાપ્ત થયેલ ખાનગી શાળાના વિદ્યાર્થીઓની સરાસરી ૧૧૩.૭૯૧ તથા પ્રમાણિત વિચલન ૧૦.૦૧૦ છે જેનું t- મૂલ્ય ૨.૬૭૭ પ્રાપ્ત થયેલ છે. જે ૧.૯૬ કરતા વધુ છે. એટલે કે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે આથી ઉત્કલ્પના નં. $H_{03}$ નો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

૭. અભ્યાસની મર્યાદાઓ

૧. પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન કાર્યરત ઉચ્ચતર પ્રાથમિક શાળા વિભાગના ધોરણ ૮ના વિદ્યાર્થીઓ પુરતો મર્યાદિત હતો.
૨. પ્રસ્તુત અભ્યાસ હતાશા માપદંડ પર પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોની વિશ્વનીયતા પુરતો મર્યાદિત હતો.
૩. પ્રસ્તુત અભ્યાસ પસંદ કરેલા નમુના દ્વારા આપવામાં આવેલા પ્રતિચારો પુરતો મર્યાદિત રાખવામાં આવ્યો હતો.

૮. સંશોધન પ્રકાર, સંશોધન ક્ષેત્ર અને સંશોધન પધ્ધતિ

*૮.૧ સંશોધન પ્રકાર*

પ્રસ્તુત સંશોધનિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની હતાશાનું પ્રમાણ માપવાનો હતો જેના દ્વારા વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ જાણી શકાશે તથા તેને નિવારવા માટે ઉપચારાત્મક કાર્ય કરી શકાશે. તેથી આ સંશોધન વ્યવહારું પ્રકારનું સંશોધન ગણી શકાય.

*૮.૨. સંશોધન ક્ષેત્ર*

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત અભ્યાસનું સંશોધન ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન છે.

*૮.૩ સંશોધન પધ્ધતિ*

પ્રસ્તુત અભ્યાસમાં સુરત  શહેરના ધોરણ ૮ના વિદ્યાર્થીઓની હતાશાના સંદર્ભમાં તેના ખ્યાલો જાણવાના હોવાથી પ્રસ્તુત અભ્યાસ માટે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૯. વ્યાપવિશ્વ અને નિદર્શ

*૯.૧ વ્યાપવિશ્વ*

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ સુરત શહેરના ઉચ્ચત્તર પ્રાથમિક વિભાગના ધોરણ ૮ના શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હતા.

*૯.૨ નમૂનો*

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલા વ્યાપવિશ્વમાંથી શાળાની પસંદગી યાદચ્છિક રીતે તથા વિદ્યાર્થીઓની પસંદગી સહેતુક નમૂના પસંદગી પધ્ધતિ દ્વારા નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

### ૯.૨ સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસ માટે સ્વરચિત વિદ્યાર્થી હતાશા માપદંડની રચના કરી પ્રમાણિત કરવામાં આવી હતી અને માહિતી એકત્રીત કરવામાં આવી હતી.

## ૧૦. સંશોધનના તારણો

૧.વિદ્યાર્થી હતાશા માપદંડ પર કુમાર અને કન્યાના હતાશાના કુલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે ૦.૦૫ કક્ષાએ સાર્થક તાવત જોવા મળ્યો ન હતો. એટલે કે કુમાર તથા કન્યાના હતાશાના પ્રમાણ વચ્ચે સાર્થક તાવત જોવા મળ્યો ન હતો.

૨.વિદ્યાર્થી હતાશા માપદંડ પર ગ્રામ્ય વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓના કુલ સરાસરી પ્રાપ્તાંકો શહેરી વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓના કુલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે ૦.૦૫ કક્ષાએ સાર્થક રીતે તાવત ઉંચા જોવા મળ્યા હતા.

૩.વિદ્યાર્થી હતાશા માપદંડ પર અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓના કુલ સરાસરી પ્રાપ્તાંકો ખાનગી વિસ્તારની શાળાના વિદ્યાર્થીઓના કુલ સરાસરી પ્રાપ્તાંકો કરતાં ૦.૦૫ કક્ષાએ સાર્થક રીતે ઉંચા જોવા મળ્યા હતા.

## ૧૧. સંશોધનની ભલામણો

પ્રસ્તુત સંશોધનની ભલામણો નીચે પ્રમાણે છે.

૧.ગ્રામ્ય તેમજ શહેરી શાળાઓમાં વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીનીઓની સમસ્યાઓ ઉપર પુરતું ધ્યાન આપવું જોઈએ.

૨.શિક્ષણ સંસ્થાઓને ઘર તેમજ સમાજ સાથે ગાઢ સંબંધ વધારવાની વ્યવસ્થા કરવી જોઈએ.

૩.યોગ્ય અને ઈમાનદાર શિક્ષકોની શિક્ષણ સંસ્થાઓમાંથી નકારાત્મક ભાવ દૂર કરી તેમનામાં નવો ઉત્સાહ ઉત્પન્ન કરે જેથી તેમનો સર્વાંગી વિકાસ થાય.

૪.વિદ્યાર્થીઓના માન–મર્યાદાઓને ધ્યાનમાં રાખીને શિક્ષકે તેમને ભણાવવા જોઈએ. તેમજ તેમની સાથે યોગ્ય વ્યવહાર કરવો જોઈએ.

૫.પરીક્ષા પધ્ધતિમાં સુધારો લાવવો જોઈએ, જેથી વિદ્યાર્થીઓમાં બિનજરૂરી શૈક્ષણિક સમસ્યાઓ ઉત્પન્ન ન થાય

૬.વિદ્યાર્થી તથા શિક્ષકોનો યોગ્ય વ્યકિતગત સંપર્ક વધારવો જોઈએ જેથી શિક્ષક વિદ્યાર્થીની જુદી જુદી સમસ્યાઓને સમ તેને હલ કરવાનો પ્રયાસ કરે.

૭.શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં છુપાયેલી ખાસિયતો ઓળખી તેનો સહઅભ્યાસીક પ્રવૃત્તિઓનું આયોજન કરી વિકાસ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

૮.શાળામાં વિદ્યાર્થીઓને મુકત વાતાવરણ આપવું જોઈએ, જેથી બાળકને પોતાને સમજવામાં તથા ભણવામાં કોઈ સમસ્યા ન થાય.

૯.વાલીઓએ પોતાના બાળકોની સમસ્યાઓ પર તાત્કાલિક ધ્યાન આપવું જોઈએ તથા શિક્ષકોનો સંપર્ક કરવો જોઈએ.

૧૦.વાલીઓએ પોતાના બાળકોની માનસિક, સામાજિક, વ્યકિતગત, શૈક્ષણિક આવશ્યકતાઓને પૂરી કરવાનો પ્રયાસ કરવો જોઈએ.
૧૧.વ્યવસાય કરતા વાલીઓએ પોતાના બાળકોની જુદી જુદી જરૂરીયાતો પર પુરૂં ઘ્યાન આપવું જોઈએ.
૧૨.વાલીઓએ પોતાના બાળકોને તેમના રસ અનુસાર પ્રગતિ કરવામાં મદદ પુરી પાડવી જોઈએ.

## ૧૨.ભાવિ સંશોધન માટે સૂચનો

પ્રસ્તુત સંશોધનના સંબંધમાં ભાવિ સશોધન માટે નીચે મુજબ સૂચનો આપવામાં આવ્યા હતા.
૧.વિદ્યાર્થીની હતાશા તેમજ વિદ્યાર્થીઓના સ્વાભિમાન વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરી શકાય.
૨.કલા તેમજ વિજ્ઞાનના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓમાં હતાશાનો આલોચનાત્મક અભ્યાસ કરી શકાય.
૩.સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓમાં હતાશાનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય.
૪.કલા તેમજ વિજ્ઞાનના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓમાં હતાશાનો ઉપચારાત્મક અભ્યાસ કરી શકાય.
૫.હતાશા પર વિદ્યાર્થીઓના ઘરેલૂ વાતાવરણની અસરનો અભ્યાસ કરી શકાય.

## ૧૩. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ સુરત શહેરના ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ – વિદ્યાર્થીઓનીઓમાં હતાશાનો અભ્યાસ કરવાનો હતો. અભ્યાસ કાર્ય દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી. આ અભ્યાસના તારણો તેમજ ઉપાય હતાશાની સમસ્યાઓને યોગ્ય દિશા આપવા તેમજ આ સ્થિતિને સુધારવા તેમજ સમસ્યાઓને હલ કરવામાં સહાયરૂપ સાબિત થઈ શકશે.

## સંદર્ભસૂચિ

૧. ગોહિલ, ભગવતસિંહ (૧૯૮૬). ભગવદ્રોમંડલ, રાજકોટ પ્રવિણ પ્રકાશન.
૨. દેસાઈ, કે. અને દેસાઈ, એચ. (૧૯૮૯). મનોવૈજ્ઞાનિક માપન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
૩. નાયક રતીલાલ સં, મોટોકોશ. અક્ષર પ્રકાશન– નવેમ્બર – ૨૦૦૧.
૪. શાહ, દિપિકા ભદ્રેશ (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. પ્રથમ આવૃતિ, અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ
૫. Garrat, G. Henry (1981). statistics in pshchlgy and Educatin. Bmbay: Vaki fetter and Simns Pvt.Ltd.
૬. Henery, E. Garrtt, (1968). General psychlgy, New Delhi: Eurasia publising Huse.

૭. Jurard Sidney M. (1958-63). persnal Adjustment: An Apprch thrugh the study f Helthy Persnality. New York: The Mac-Millan C.

૮. Lehner, F.J. and Cubw, Ella, (1964). The Dynamics f persnality Adjustment. New York: Pentice Hall, Inc.